શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાન પ્રસ્તુત

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પર

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક-૯ સપ્ટેમ્બર - ૨૦૧૯

રમિયો રાસ રમે...

રાજભવનમાં આયોજિત વૃક્ષારોપણ પ્રસંગે ઉપસ્થિત
રાજ્યપાલશ્રી દેવવ્રતજી, પૂજ્ય સ્વામીજી, પૂજ્ય મુનિજી મહારાજ

અમન એકતા હરિયાલી યાત્રા દરમિયાન વૃક્ષારોપણ કરતા
સંતો, મૌલાના મદની સાહેબ તથા મહાનુભાવો, અમદાવાદ

વચનામૃત સત્ર પ્રસંગે વચનામૃત પૂજન તેમજ વચનામૃત ચણ કરતા પૂજ્ય સંતો તથા ભક્તજનો, રીબડા ગુરુકુલ

પૂજ્ય જોગીસ્વામીની આઠમી પૂન્યતિથિ પ્રસંગે
હૃદય કુરીરે ભાવાંજલિ અર્પણ કરતા પૂજ્ય સંતો, SGVP

હોલિસ્ટિક હોસ્પિટલની મુલાકાતે પધારેલા
પૂજ્ય મુનિજી મહારાજ, SGVP

કવીશ્વર દલપતરામ દ્વિશતાબ્દિ પ્રસંગે આયોજિત
સાહિત્યોત્સવ પ્રસંગે ઉપસ્થિ સંતો તથા સાહિત્યકારો, SGVP

ઇન્ટરનેશનલ સ્કુલ દ્વારા આયોજિત પેઇન્ટીંગ કેમ્પમાં
ઉપસ્થિત ભારતના પ્રખ્યાત ચિત્રકારો, SGVP

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૧, સપ્ટેમ્બર : ૨૦૧૯, અંક : ૯

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી પલવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂ. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂ. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એટલેથી સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ કહો.

સમજીને સાયો રે...

સમજીને સાયો રે, કે હરિ તારો છેડો,
મનમોહન મેલું રે, કે કેમ કરીને કેડો. ૧
તમ સાથે બંધાણી રે, કે આવી પ્રીતલડી,
ભૂધર ભાંગી છે રે, કે ભવની ભીંતલડી. ૨
પિયર સાસરિયું રે, કે સૌ લાગે ખારું,
મોહન તમ સાથે રે, કે મન માન્યું મારું. ૩
નિશ્ચયની નોબત રે, કે વાલમ વાગી છે,
તમ સારુ જગની રે, કે લજ્જા ત્યાગી છે.૪
નટવર તમ સંગે રે, કે લાગ્યો છે નેહડો,
ડોલરિયા ઘોળ્યો રે, કે તમ ઉપર દેહડો. ૫
બ્રહ્માનંદના વા'લા રે, કે વ્હાલ વધારોને,
પોતાની જાણી રે, કે સેજ પધારોને. ૬

સત્યુગી કથા... કળિયુગી કરૂણા...

- સાધુ યજ્ઞવલ્લભદાસ

રાવણની પત્ની રાવણને બે હાથ જોડી વિનંતી કરી રહી છે, 'તમે સીતાને સન્માન સાથે પાછી મોકલી આપો અને પોતે કરેલાં પાપકર્મની માફી માગી લો.' પરંતુ રાવણે પત્નીનો આ પ્રસ્તાવ એમ કહીને ઠુકરાવી દીધો કે 'હું વિશ્વવિજેતા છું. સમસ્ત ગ્રહો મારી નજરકેદમાં છે, નક્ષત્રો મારી આંખોના ઈશારે ગતિ કરે છે. આ બ્રહ્માંડમાં કોઈ એવો શક્તિશાળી નથી કે જે મને હરાવી શકે. વાનરની સેના લઈને આવી રહેલા રામ મારી સામે પળભર પણ નહીં ટકી શકે!'

ભગવાન શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રની સભામાં સંધિનો પ્રસ્તાવ રાખતા કહે છે, 'પાંડવોને કેવળ પાંચ ગામ આપી દેવામાં આવે, તો યુધ્ધની સંભાવનાઓ ટળી જવાની શક્યતા છે.' પરંતુ દુર્યોધને સભામાં જ શ્રીકૃષ્ણના પ્રસ્તાવને ઠુકરાવી દીધો, કૃષ્ણની હાંસી-મશ્કરી કરી અને અને બોલ્યો, 'પાંચ ગામ તો શું, સોયના નાકા જેટલી જમીન પણ પાંડવોને નહીં આપું.'

વારંવાર શ્રીકૃષ્ણને પરેશાન કરી હલકા વચનો બોલનાર શિશુપાલને ભગવાને સમજાવ્યો છે, પરંતુ ભગવાનની ચેતવણીને અવગણી એ પોતાનાં વાણીવિલાસમાં અડગ રહ્યો છે. એ સમયે શ્રીકૃષ્ણએ ફરી ચેતવણી આપી કે 'તારી નવ્વાણું ભુલોને હું માફ કરીશ, પરંતુ એના પછી એક શબ્દ પણ નહીં!' આ વચનોને મિથ્યા સમજનાર શિશુપાલે ભર સભામાં ભગવાનનું અપમાન કર્યું, ન બોલવાના બોલ બોલ્યો.

આ ત્રણે દૃષ્ટાંતોનું તારણ 'અહંકાર' છે. અહંકારનું પરિણામ શું આવે છે, એ આ વાતો બતાવે છે. શિવનો પરમ ભક્ત અને ત્રિલોકીમાં હાહાકાર મચાવનારો રાવણ પોતાના અહંકારને કારણે રામની એ સેનાની સામે હારી ગયો કે જે સેનામાં પગે ચાલનારા વાનરો હતા. દુનિયાની સૌથી મોટી સેના અને મહાન યોધ્ધાઓનો સહયોગ હોવા છતાં અહંકારને કારણે દુર્યોધનને હારનો સામનો કરવો પડ્યો. પોતાની નવ્વાણું ભૂલોને માફ કર્યા પછી પણ અહંકારના કેફમાં રાચતો શિશુપાલ પાછો ન વળ્યો અને એનો નાશ થયો.

તુલસીદાસજી રામચરિત માનસમાં કહે છે,

'જા કે વિધિ દારુન દુઃખ દેહી,
વાકિ મતિ પહિલેહિ હર લેહિ.'

જ્યારે કોઈના જીવનમાં ભયાનક કષ્ટો આવવાના હોય છે, ત્યારે એમની બુદ્ધિ અને વિવેક નાશ પામે છે. અહંકાર માથા ઉપર બેસી પોકાર કરવા માંડે છે. અહંકારીને કેવળ પોતાની પ્રસંશા જ પ્રિય લાગે છે. પોતાની નિંદા કે આલોચનામાં એમને ક્રોધ ચડે છે. ક્રોધમાં એ પોતાનાને જ પરાયો કરી દે છે. સૂર્ય જેવી સાચી અને હકીકત વાત પણ એમના સુધી પહોંચતી નથી.

સંપત્તિ, શક્તિ, રુપ, સત્તા, પ્રસંશા આ બધા એવા છે કે જેના યોગમાં આવવાથી માણસ અહંકારી બની જાય છે. ત્યારે એ વિવેક પણ ભૂલી જાય છે કે જે છે એ નિત્ય નથી. અહંકારનો કેફ માણસને એટલો આંધળો બનાવી દે છે કે નજર સામે દેખાતું સત્ય પણ એની બુદ્ધિના પડળો ખોલી શકતું નથી. એ પોતાને પોતે જ રચેલી પોતાની આગવી દુનિયાનો મહાન વ્યક્તિ સમજે છે. પરંતુ એને ક્યાં ખબર છે કે સમય કોઈને છોડતો નથી! આજે કોઈનો સમય છે, તો કાલે કોઈ બીજાનો સમય આવશે! આજે જે મારી પ્રસંશા અને વાહવાહી કરે છે, એ કાલે બીજા કોઈની કરતા હશે; કારણ કે આ કળિયુગ છે.

એક સત્યુગી કથા કળિયુગની કરૂણ સ્થિતિને આબેહૂબ વર્ણવે છે, જે માણવા જેવી છે.

જાજળી એક તપસ્વી ઋષિ હતા. એમને હજુ વધારે તપ કરવું હતું. તપ માટેની સારી જગ્યા શોધતા શોધતા તેઓ ભારતના દક્ષિણાચલના સમુદ્ર કિનારે એક સુંદર

વનમાં પહોંચ્યા. અહીં માત્ર પશુ અને પક્ષીઓ જ રહેતા હતા, માનવજાતિનું નામોનિશાન નહોતું. જાજળી ઋષિને આ વન તપશ્ચર્યા માટે યોગ્ય લાગ્યું અને તપશ્ચર્યાનો પ્રારંભ થયો.

ગરમી હોય કે ઠંડી, ધોધમાર વરસાદ હોય કે વાવાઝોડું - જાજળી ઊભા ઊભા ખુલ્લા આકાશ નીચે તપ કરી રહ્યા છે. તે નથી ક્યારેય બેસતા કે નથી ક્યારેય ઊંઘતા. ક્યારેક કંદમૂળ અને ફળો ખાઈ શરીરને ટકાવી લે છે.

તેમનું શરીર દિવસને દિવસે સૂકાવા લાગ્યું હતું. અશુદ્ધિને લીધે તેમના અંગોમાંથી બદબૂ આવવા લાગી હતી. પંચભૂતનું શરીર રુક્ષ થવા લાગ્યું, પરંતુ તપના પ્રભાવે તેમના અંતરમાં શાંતિ પ્રસરવા લાગી. તેમનામાં કોઈ અલૌકિકતા પ્રગટી રહી હતી. જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત થઈ રહી હતી. તેઓ હવે આત્માની નિત્યતાને સમજવા લાગ્યા હતા. હવે તેમને શરીરની કોઈ ચિંતા નહોતી, તેથી જ તેઓ પોતાની તપશ્ચર્યાને વધારે કઠોર કરી રહ્યા હતા.

એક સમયની વાત છે. ચોમાસાના દિવસો હતા. ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. વરસાદના કારણે પૃથ્વી ઉપર પાણીની સપાટી વધી રહી હતી. જાજલીનું શરીર પાણીમાં ડૂબવા લાગ્યું હતું. ધીરે ધીરે પાણીની સપાટી ઊંચી ચડી રહી હતી. હવે તો પાણી તેમના ગળા સુધી પહોંચવા આવ્યું. આમ છતાં જાજલીએ હિંમત ન હારી. તેમણે વૃક્ષની ઓથ શોધવાનો પણ પ્રયત્ન ન કર્યો.

થોડા જ સમયમાં વરસાદ શાંત થયો. જાજળીની નિરંતર સાધનામાં કોઈ વિઘ્ન ન આવ્યું, જેના લીધે તેમનું આત્મતેજ વધુ વધી રહ્યું હતું.

હવે તેમણે ખાવાનું પણ બંધ કરી દીધું. તે માત્ર પાણી અને પવન ઉપર જીવવા લાગ્યા. તેમના વાળ પણ સફેદ થવા લાગ્યા. તેમના શરીર પર માટી જામવા લાગી. તેમનું શરીર જડવત થઈ ગયું.

એક દિવસ જાજળીને તેના માથા પર કોઈ કોમળ સ્પર્શ થયો હોય તેવો આભાસ થયો. તેમના વાળની જટાઓ પર જાણે કોઈ ચાલી રહ્યું હતું. જાજલી આ સ્પર્શથી રોમાંચિત થઈ ગયા. તેમણે વિચાર્યું, 'મારી તપસ્યા સફળ થઈ.' તેની આંખોમાં ચમક આવી. શરીરમાં એક અલગ જ પ્રકારની સ્ફૂર્તિ આવી. તેમનું મન ધ્યાનમાંથી હટી ગયું. તેમણે વિચાર્યું, 'શું આ પરમાત્માના હાથનો સ્પર્શ છે?'

પરંતુ થોડી જ વારમાં 'ચીં...ચીં...ચીં...' નો અવાજ તેમના કાનમાં સંભળાયો. તે આશ્ચર્યથી જોવા લાગ્યા. જાજળીએ આંખો ખોલી. ચકલીઓનું એક ઝુંડ તેમની જટામાંથી બહાર નીકળીને ઊડવા લાગ્યું. વૃંદ થોડી જ વારમાં પાછું ફર્યું. તેની ચાંચમાં સંકાં ઘાસનાં તણખલાઓ હતાં. ચકલીઓએ જાજળીના શરીરને એક વૃક્ષ માની લીધું હતું. ચકલીઓ જાજળીની જટામાં માળો બનાવી રહી હતી.

જાજળી ઘણા મહિનાઓથી નિષ્ક્રિય થઈને ઊભા હતા, તેથી ચકલીઓ તેમને વૃક્ષ માની બેઠી હતી. આટલી કઠોર સાધના હોવાથી જાજળી મુનિ પરમ આનંદમાં રાચવા લાગ્યા. તેની સાધના સફળ થઈ. તેમણે નિર્ણય લીધો, 'જ્યાં સુધી આ પક્ષીઓ મારી જટામાં પોતાનું ઘર બનાવીને રહેવા ઇચ્છે ત્યાં સુધી રહેશે. તે જ્યાં સુધી આ માળો છોડીને ન જાય, ત્યાં સુધી હું એક વૃક્ષની જેમ નિષ્ક્રિય બનીને જ ઊભો રહીશ.'

હવે જાજળીએ કઠોર હઠયોગ શરુ કર્યો. તેમણે પ્રાણાયામ થકી તેમની શ્વાસક્રિયા પણ બંધ કરી દીધી. જ્યાં સુધી પક્ષીઓ માળામાં હોય, ત્યાં સુધી તેઓ શ્વાસ રોકી દેતા. જ્યારે પક્ષીઓ ફરવા જાય ત્યારે તેઓ શારીરિક ક્રિયા પતાવીને ફરી વૃક્ષ બનીને ઊભા રહી જતા. પક્ષીઓ સાંજના સમયે માળામાં આવીને સૂઈ જતા.

વર્ષા, શરદ, હેમંત, શિશિર ઋતુઓ પસાર થઈ. વસંત ઋતુનું આગમન થયું. પક્ષીઓએ જાજળીની જટામાં જ ઈંડા મૂક્યા. જાજળીની જટામાં અખંડ કલબલાટ થવા લાગ્યો. જાજળીની જટા એક આખા પરિવારની આશ્રયસ્થાન બની. હવે તો જાજળીની જવાબદારી પણ વધી ગઈ. નાનાં નાનાં બચ્ચાઓ ડરે નહીં, એમને હાની ન પહોંચે એટલે જાજળી ચોવીસ કલાક તેમની શ્વાસક્રિયા બંધ રાખી ઊભા રહેવા લાગ્યા, હવે તો તે પાણીનું એક ટીપું પણ ગ્રહણ કરી શકતા નહોતા.

ધીમે ધીમે પક્ષીનાં બચ્ચાં મોટાં થવાં લાગ્યાં. હવે બચ્ચાંઓ પોતાના માતા-પિતા સાથે ફરવા જાય છે. આખો દિવસ બહાર રહે છે, છેક સાંજે માળામાં આવે છે. આ બાજુ જાજળીનો પ્રેમ જટામાં રહેતા પક્ષીઓ માટે વધતો જતો હતો. તેમને પક્ષીઓ ગમવા લાગ્યાં હતાં. તેઓનું જવું, સુવું, ચિચિયારીઓ કરવી વગેરેમાં

આનંદના ફૂવારા છૂટતા હતા.

સવારે જ્યારે પક્ષીઓ આકાશમાં ઊડી જતા ત્યારે જાજળી દુઃખી થતા અને આખો દિવસ પક્ષીઓ વિશે જ વિચારતા. સાંજે પાછા ફરે ત્યારે રાજી થતા અને પરોક્ષ હેત વરસાવતા. ધીરે ધીરે એમને પોતાના આ પરોપકારનો અહંકાર દૃઢ થઈ રહ્યો હતો. તેઓ વિચારતા, 'મારો ત્યાગ, મારું તપ, મારી સાધના કેટલી મહાન છે કે હું પક્ષીઓની સેવા કરવા આટલી અઘોર સાધના કરી રહ્યો છું. હવે મારી સાધના જરૂરથી ઉત્તમ ફલેવાશે.'

બીજી તરફ પક્ષીઓનો પરિવાર વધતો જતો હતો. હવે એમને આ માળો નાનો પડતો હતો. તેથી બધા પક્ષીઓ સવારે ઊડી જતા અને એક-બે દિવસે પાછા ફરતા. ધીરે ધીરે પાછા ફરવાનો સમય વધતો ગયો અને એક દિવસ તો બધા જ પક્ષીઓ કાયમને માટે માળાનો ત્યાગ કરીને બીજે ચાલ્યા ગયા.

દુઃખી જાજળીએ એક મહિના સુધી પક્ષીઓની રાહ જોઈ. પક્ષીઓ પાછા ન ફર્યાં. તેથી જાજળીને આ વન દુઃખદાયી લાગવા લાગ્યું. એમણે વન છોડ્યું, સાધના છોડી અને નીકળી પડ્યા. એમના રોમરોમ પ્રફુલ્લિત હતા. એમને મન એમણે તમામ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી. આ સિદ્ધિઓની આડમાં 'મેં મહિનાઓ સુધી પક્ષીઓના આખા પરિવારને મારી જટામાં રહેવા દીધો, કોઈ તપસ્વી આવું કામ ન કરી શકે' એવા અહંકારનું પોષણ પણ થઈ રહ્યું હતું.

દિવસે દિવસે ચંદ્રની કળાની જેમ જાજળીનો અહંકાર પણ કળા વધારી રહ્યો હતો. નદીમાં સ્નાન કરતી વખતે તેઓ સૂર્યને અંજલી આપતા અને વિચારતા, 'મારા તપની તેજસ્વિતા આગળ સૂર્યનું તેજ પણ ઓછું છે.' રાત્રિના ચંદ્રને જોઈને બોલતા, 'હે ચંદ્રમા! તારો પ્રકાશ મારી તેજસ્વીતા પાસે ઝાંખો પડે છે.'

આમ જાજળીનો અહંકાર દિવસે ને દિવસે વધી રહ્યો હતો. તેને આખું બ્રહ્માંડ તેના તેજને કારણે તેજોમય લાગતું હતું. પોતાનાં આ ઐશ્વર્યની જાણ સમાજને પણ થાય તેવા હેતુથી તે હવે વસ્તીમાં રહેવા જવાનું વિચારી રહ્યા હતા, કારણ કે એમને પોતાનું તેજ લોકોને બતાવવું હતું. પોતાની ચમત્કારિતા સમાજમાં વિસ્તારવી હતી.

વન છોડી જાજળીએ નગરભણી યાત્રા આરંભી. માર્ગમાં તેઓએ આકાશવાણી સાંભળી, "જાજળી ! તારી તપસ્યાની કક્ષા જરૂર ઊંચી છે, પરંતુ કાશીના તુલાધારની ઊંચાઈને આંબે એવી તો નથી જ."

આ વચનો સાંભળતા જ જાજળીને માથે જાણે વીજળી પડી. તેઓ થોડીવાર તો બેશુદ્ધ થઈ ગયા. તેમને પોતાની સાધના નકામી લાગી અને તુલાધાર પ્રત્યે ઈર્ષાભાવ જાગ્યો.

અહંકાર તો હતો જ, ઉપરથી ઈર્ષાનું દીવેલ પૂરાયું. "કાશીનો વેપારી તુલાધાર ? કોણ છે એ તુલાધાર ? હમણાં પહોંચું કાશી અને જોઈ લઉં એની સિદ્ધાઈને."

લાંબી મુસાફરી કરી તેઓ કાશી પહોંચ્યા. જોયું, જાણ્યું તો ખબર પડી કે તુલાધાર તો એક સાધારણ વેપારી છે. 'મારી મશ્કરી થઈ છે' એવું જાણી જાજળીને આકાશવાણી ઉપર ગુસ્સો આવ્યો. તે તુલાધાર પાસે ગયા. તુલાધારે જાજળીનું સ્વાગત કર્યું. અર્ઘ્ય-પાદ્ય અર્પણ કર્યા અને બોલ્યા, "મહાત્મન્ ! મને લાગે છે કે તમે ખૂબ જ થાક્યા

લાગો છો. અહીં થોડો આરામ કરો.''

''હું કોઈ ગૃહસ્થના ઘરે આરામ નથી કરતો.'' જાજળીના વચનોમાં અહંકાર ફૂંફાડા મારી રહ્યો હતો. તુલાધાર વિનમ્રતાથી બોલ્યા, ''હે મહામુનિ ! ગૃહસ્થાશ્રમ બધા આશ્રમનો આધાર છે. તમે પણ ગૃહસ્થ બનીને જ પક્ષીઓને તમારી જટામાં સહારો આપ્યો હતો ને ?''

જાજળીને આશ્ચર્યનો પાર ન રહ્યો. એક જ ક્ષણમાં એમને પોતાની જાત શૂન્ય જેવી લાગવા લાગી.

તુલાધારની ધાર જાજળીના અહંકારને કાપતા બોલી, ''તમારી સાધના ઉત્તમ છે, પરંતુ અહંકાર અને દ્વેષના કારણે તમારી સાધના સફળ નથી થઈ. અહંકાર સાધનારૂપી વૃક્ષને કાપે છે. માટે જ તમારી મહિનાઓ સુધીની કઠોર સાધના મારા જેવા એક વેપારી પાસે તમને ઢસડીને લઈ આવી છે. તમારા હૃદયમાં પડેલા અહંકારને નાથવા જ તમને આકાશવાણી સંભળાઈ હતી.''

જાજલીનું ખમીર ઓગળી રહ્યું હતું. તુલાધારની ધાર કાપ્યે જતી હતી, ''મહામુનિ ! તમે લાંબી મુસાફરીના કારણે નથી થાક્યા, તમે તમારા અહંકારના ભાર અને ઈર્ષાની આગને કારણે થાક્યા છો. હવે તમારે થોડા આરામની જરૂર છે.''

'એક સામાન્ય વેપારી જેવો દેખાતો માણસ મારી બધી જ વાત જાણે છે !' એ વાત જ જાજળી માટે અસહ્ય હતી. તુલાધારની ધારદાર ધાર જાજળી સહી ન શક્યા. હિમશિલા પીગળે એમ જાજળીનો અહંકાર પીગળી ગયો. તે પોતાની જાતને શૂન્ય માનવા લાગ્યા. તે તુલાધારના ચરણોમાં પડી ગયા અને બોલ્યા, ''તપોધન ! મને ક્ષમા કરો. હું અહંકારના મદમાં મારી જાતને ભૂલી ગયો. તમે જ ખરા તપસ્વી છો. તમે સાધારણ ગૃહસ્થી છો, આમ છતાં તમે જે સિદ્ધિ પ્રાપ્ત કરી તે હું બ્રાહ્મણ અને સંન્યાસી હોવા છતાં પણ પ્રાપ્ત ન કરી શક્યો. કૃપા કરીને મને તમારું રહસ્ય જણાવો.''

તુલાધાર બોલ્યા, ''મારી સાધનાનું કોઈ રહસ્ય નથી. હું કર્તવ્યપરાયણ છું. હું પૂરી નિષ્ઠાથી વેપાર કરું છું. મારાં મન, વચન અને કર્મ પવિત્ર છે. હું કોઈનું ખરાબ ઇચ્છતો નથી. હું કોઈ પ્રત્યે દ્વેષ કે ઈર્ષા રાખતો નથી. ગૃહસ્થ ધર્મનું ખંતથી પાલન કરવું એ જ મારો ધર્મ અને એ જ મારી તપસ્યા છે.''

જાજળીને આટલી સરળ ભાષામાં રહસ્ય જાણીને પોતાની શંકાઓનું સમાધાન થઈ ગયું. તેમણે હઠયોગ છોડ્યો અને સાધારણ જીવન જીવવાનું શરું કર્યું.

આ કથાના કેટલાય પાસા મને, તમને, બધાયને લાગુ પડે છે. આપણું તપ, આપણી સત્તા, આપણી સંપત્તિ અને આપણી વાહવાહીનો છેડો ક્યાંક તો હોય જ છે. માટે અહંકારના છાંયામાં આવીને આપણે કોઈ આજકાલના લાગતા તુલાધારની અવગણના તો નથી કરી બેસતાને ? એની તપાસ આપણે કરવી જોઈએ, કારણ કે આજકાલના લાગતા આંબા છાંયાની સાથે સાથે મીઠાં ફળ પણ આપતા હોય છે.

અહંકાર એક એવો કેફ છે કે જેને એ ચડે છે એ પોતાને સર્વથી ઉત્કૃષ્ઠ માને છે. અહંકારના મદમાં આવીને કોઈ બીજાના અનુભવો અને જ્ઞાનનો અસ્વીકાર કરી પોતાનો જ ઝંડો ઊંચો રાખવા મથતા લોકો સમાજમાં ફરતા દેખાઈ આવે છે.

આ સંસારમાં લોકો દુર્યોધનદૃષ્ટિ અને યુધિષ્ઠિરદૃષ્ટિ પ્રાપ્ત કરીને અન્યને માપવા નીકળી પડે છે. એકને ક્યાંય ગુણ શોધ્યો મળતો નથી, બીજાને બુરાઈ નજરમાં આવતી નથી. આમાં લોકોનો વાંક નથી, પોતે કેળવેલી દૃષ્ટિની ખામી છે. આ સંસારમાં કોઈ એવો વ્યક્તિ કે પદાર્થ નહીં હોય, કે જેમાં કોઈ એક સારો ગુણ ન જોવા મળે. પરંતુ અહંકારનું આવરણ ન તો એ ગુણને જોવા દે છે કે ન ગ્રહણ કરવા દે છે. એ પોતાની શ્રેષ્ઠતાની વાતો કરી શકે છે, પરંતુ બીજાની શ્રેષ્ઠતા કણાંની માફક ક્યાંક ખૂંચતી હોય છે.

જાજળી એની તપસ્યા, એની સાધના અને એના ગુણોને લીધે મહાન છે જ, પરંતુ તુલાધારની શ્રેષ્ઠતાને આંબી શકાય એવી નથી. જાજળીએ ભલે પોતાનાં તપોબળને લીધે પ્રકૃતિ ઉપર પ્રભાવ પાડ્યો હોય, પરંતુ તુલાધારની તુલના કરવામાં જાજળી પાંગળા સાબિત થયા એ પણ એક હકીકત છે. હા, તુલાધારની મહાનતાની આકાશવાણી સાંભળી જાજળી ઈર્ષા અને દ્વેષથી બળવાને બદલે સંવાદ કરવા નીકળ્યા હોત, તો જરૂર એમની સાધના પરિપક્વ સાબિત થઈ હોત.

આમ તો આ સતયુગી કથાને કળિયુગી પ્રજાને ઘણું કહેવું છે, પરંતુ...

''दुर्लभं त्रयमेवैतद्''

- શાસ્ત્રી સર્વમંગલદાસ

જીવનમાં ઘણી વસ્તુ સરળતાથી પ્રાપ્ત થતી હોય છે, તો ઘણી વસ્તુઓ સાધનાથી પ્રાપ્ત થતી હોય છે. કેટલીક વસ્તુઓ ભગવદ્ કૃપાથી પ્રાપ્ત થતી હોય છે, પરંતુ કેટલીક વસ્તુઓ પ્રાપ્ત થવી ખૂબ દુર્લભ હોય છે.

''दुर्दुःखेन प्राप्यते इति दुर्लभः।''

'જે વસ્તુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવી હોય, અથવા જેની પ્રાપ્તિ ક્યારેક જ થતી હોય તે દુર્લભ.'

જગદ્‌ગુરુ શંકરાચાર્યજી વિવેક ચુડામણિ ગ્રંથમાં દુર્લભતાને વર્ણવતા કહે છે...

''दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम्।

मनुष्यत्व मुमुक्षुत्व महापुरुषसंश्रयः॥''

શંકરાચાર્યજી ત્રણ વસ્તુઓને અતિ દુર્લભ ગણે છે. માનવ જીવન, મુમુક્ષુતા અને સાચા સંતની પ્રાપ્તિ.

ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ જેવી આ ત્રણ વસ્તુઓ ભગવાન નારાયણની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. આ ત્રણેના મહત્ત્વને થોડા વિસ્તારથી જોઈએ.

મનુષ્યત્વ : મનુષ્યત્વ એટલે આપણને મળેલું માનવ શરીર. જીવને મનુષ્યત્વ ક્યારે પ્રાપ્ત થાય છે ? તો ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, ''આપણા આઠ અબજ અને ચોસઠ કરોડ વર્ષ થાય ત્યારે બ્રહ્માજીનો એક દિવસ થાય. આવા ત્રીસ દિવસનો માસ, બાર માસનું વર્ષ, એવા સો વર્ષ એક બ્રહ્માની આયુષ્ય હોય છે. આવા સાડા ત્રણ કરોડ બ્રહ્મા પોતાનું આયુષ્ય ભોગવી જતા રહે, ત્યારે જીવને મનુષ્યનું શરીર મળે છે.

તુલસીદાસજી મહારાજ રામચરિત માનસમાં લખે છે, ''बडे भाग मानुष तन पावा।

सुर दुर्लभ सब ग्रंथन्हि भावा॥''

જે જીવ ભાગ્યશાળી હોય તેને જ માનવનું શરીર પ્રાપ્ત થાય છે. આ માનવનું શરીર દેવતાઓને પણ દુર્લભ છે. તેવું બધા જ ગ્રંથો કહે છે.

આ જ વાતની પુષ્ટિ કરતા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''કરોડ રૂપિયા ખરચતાં પણ આવા સાધુ મળે નહીં, ને કરોડ રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહીં ને કરોડો રૂપિયા આપતા પણ મનુષ્ય દેહ મળે નહીં ને આપણે પણ કરોડો જન્મ ધર્યા છે, પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી. નકર શું કરવા દેહ ધરવો પડે ?''

મહાન આચાર્યો, સંતો અને ભક્તોનો આ જ મત છે. આપણને આ શરીર ઘણી મોટી મહેનતથી પ્રાપ્ત થયું છે. વિચાર આપણે કરવાનો છે કે આપણે આ શરીરનો ઉપયોગ કઈ રીતે કરીએ છીએ ?

જેમ કોઈ સમજદાર ખેડૂત ખેતરમાં આંબાનું વૃક્ષ વાવે, ત્યારે એ એવી આશાથી નથી વાવતો કે આ આંબો મને છાંયો આપશે, પરંતુ આંબો વાવવાનું કારણ કેરી હોય છે. તે જ રીતે મનુષ્ય જીવનનો ખરો ઉપયોગ ભગવદ્ પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવામાં છે. એ જ મનુષ્ય જીવનની સાચી સાર્થકતા છે.

મહાન સંત દાદુ એક દિવસ નગરમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એમણે એક જગ્યાએ આનંદનો માહોલ જોયો. તપાસ કરી તો ખબર પડી કે પોતાનો એક શિષ્ય 'રજજબ'ના લગ્ન છે અને એ ઘોડા ઉપર બેસી જઈ રહ્યો છે. તે વખતે સંત દાદુ શિષ્યને ઉદ્દેશીને બોલ્યા...

''रज्जब ते गज्जब कियो, शिर पर बांधा मोर।

आया था हरिभजकुं, करे नरक को ढोर॥''

ગુરુના આટલા શબ્દો સાંભળતા જ રજજબ જાગી ગયો. તરત જ ઘોડા પરથી ઊતરી ગુરુ સાથે ચાલી નીકળ્યો.

આ રીતે જેને મનુષ્યપણાનું મહત્ત્વ સમજાયું છે, તેને જગાડવા સરળ હોય છે. પરંતુ જે માયાના ઘોર તમમાં પોઢ્યા છે, તેને જગાડવા દુષ્કર હોય છે.

મુમુક્ષુત્વ : માનવ દેહ મળી ગયા પછી મહત્વની બાબત એ છે કે હૃદયમાં મોક્ષની ઇચ્છા જાગવી. જેને પોતાના મોક્ષની પરવાહ છે તે મુમુક્ષુ. मोक्तुमिच्छतिती मुमुक्षुः। જેને મોક્ષ મેળવવાની ઇચ્છા છે તે મુમુક્ષુ.

भोक्तुमिच्छतिती बुभुक्षुः। જેને ભોગ ભોગવવાની ઇચ્છા છે તે બુભુક્ષુ.

અનંત જન્મ-મરણના ચકરાવામાં ફરતો જીવ જ્યારે મનુષ્ય શરીર પ્રાપ્ત કરે છે, ત્યારે તેને આ ચકરાવામાંથી

છૂટવાની ઇચ્છા જાગૃત થાય છે. એ ઇચ્છાને પ્રબળ બનાવવા પ્રયત્નો થતા રહે છે અને સત્સંગ-ભજન-સ્મરણ કરવા તત્પર રહે છે, એ સાચો મુમુક્ષુ.

ટ્રેન એક સ્ટેશને ઊભી રહી. એક છોકરો ઠંડું પાણી વેચવા માટે નીકળ્યો. દસ પૈસામાં ગ્લાસ. ટ્રેનમાં એક શેઠ બેઠા હતા, એમની બાજુમાં એક સાધુ બેઠા હતા. શેઠે છોકરાને બોલાવ્યો, "દસ પૈસામાં એક ગ્લાસ...પાંચ પૈસામાં નથી દેતો?"

છોકરો શેઠને ત્રાંસી નજરે જોતો જોતો ત્યાંથી આગળ નીકળી ગયો. શેઠની બાજુમાં બેઠેલા સાધુને છોકરાની દૃષ્ટિમાં કંઈક રહસ્ય દેખાયું. તેઓ ટ્રેનમાંથી ઊતરી પેલા છોકરા પાસે ગયા અને પૂછ્યું, "પેલા શેઠની સામે આવી રીતે કેમ જોયું?"

છોકરો કહે, "અરે મહાત્માજી ! જવા દોને !" "ના ના કહે તો ખરો !" "મહાત્માજી ! સાચું કહું ! શેઠને તરસ જ નહોતી લાગી. જો એમને ખરી તરસ લાગી હોય તો દસ પૈસામાંથી પાંચ પૈસા ન કરાવત. જો સાચી તરસ લાગી હોય તો દસ પૈસાને બદલે પંદર પૈસા કે પચાસ પૈસા, અરે રૂપિયો આપીને પણ પાણી લઈ લે."

મહાત્મા સમજી ગયા કે છોકરો સમજદાર છે. એમણે આ પરિસ્થિતિનો મર્મ પકડયો કે એક પાણી વેચનારો પણ જો આ સમજતો હોય તો હું તો ભગવાનને મળવા નીકળ્યો છું. મને ભગવાન મેળવવાની પ્યાસ છે?

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "કલ્યાણનો ખપ કેવો રાખવો જોઈએ ? તો જે ઓગણોતેરા કાળમાં ભીમનાથના રાંકા માગવા આવતા અને કરગરતા, તેને ધક્કા મારે પણ જાય નહીં, એવો ખપ રાખવો."

સાચો ઝવેરી હીરાને અને કાચના ટૂકડાને પારખી લે, તેમ સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ વિચરણ દરમિયાન માર્ગમાં ખેતી કરતા રામની મુમુક્ષુતા પારખી લીધી. રામાનંદ સ્વામી એમની સમીપે ગયા અને બોલ્યા, "માનવદેહ ભજન કરવા માટે મળ્યો છે, સંસારની ખેડ્ય કરવા માટે નહીં."

કહેવાય છે કે તેજને ટકોરો બસ ! સ્વામીના એક વેણે રામનો આત્મા જાગી ગયો. સાંતી ચલાવવું પડતું મૂકી એ સ્વામીની સાથે ચાલી નીકળ્યો. રામના હૃદયમાં સાચી મુમુક્ષુતા છૂપાઈને પડી હતી. સદ્‌ગુરુના એક વેણે એ મુમુક્ષુતા જાગી ઊઠી અને રામનો માર્ગ બદલાઈ ગયો.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ તેમને દિક્ષા આપી નામ પાડ્યું 'સ્વામી રામદાસજી.' તેઓ સત્સંગમાં ભાઈ રામદાસજી તરીકે ઓળખાતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

રાત દિવસ રુદિયામાંહિ, વરતે એમ વિચારજી;
હું કોણ ને જાઈશ કિયાં, કરું તેનો નિરધારજી...
કરું ઉપાય હવે એહનો, ડોળી દેશ વિદેશજી;
કોઈ રે ઉગારે મને કાળથી, સોંપુ તેને આ શીશજી...
હું બલીહારિ એ વૈરાગની

મહાપુરુષ-સંશ્રય : માનવ શરીરનું મહત્વ સમજાય, હૃદયમાં મુમુક્ષુતા પ્રગટી ઊઠે, પરંતુ મોક્ષમાર્ગના સાચા ભોમિયા ન મળે તો ભટકી જવાય. માટે જ મોક્ષરૂપી અમૃતનું પાન કરાવનારા, રામરૂપી રસને પાનારા કોઈ મહાપુરુષના સંશ્રયની આવશ્યકતા ખૂબ રહે છે.

"રામ સભામાં અમે રમવાને ગ્યા'તાં

અનુસંધાન પાના નં-૧૨ ઉપર

विद्या सर्वस्य भूषणम्

- રમણિકભાઈ રૂપારેલિયા

सुन्दरोपि सुशीलोपि कुलीनोपि महाधनः ।
विना विद्यां न शोभते विद्या सर्वस्य भूषणम् ॥

"માણસ દેખાવમાં સુંદર યા રૂપાળો હોય, સુશીલ યા ચારિત્ર્યવાન હોય, કુલીન યા ખાનદાન હોય કે મહા ધનવાન હોય, પણ વિદ્યા (શિક્ષણ) વિના તે શોભતો નથી. વિદ્યા તો સુંદરતા, સુશીલતા, કુલીનતા અને શ્રીમંતાઈ બધાનું ઘરેણું છે, આભૂષણરૂપ છે, શોભા છે."

સંસ્કૃત સાહિત્યમાં રહેલાં સુભાષિતો સાચે જ મૂલ્યવાન રત્નો છે. સ્થળકાળના બંધનો રહિત આ સુભાષિતો માનવસમાજને આજેય યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપતાં રહે છે. આ સુભાષિતોનો સાર, નીચોડ કે તાત્પર્ય પ્રાચીનકાળની માફક આજેય એટલા જ પ્રસ્તુત છે.

અહીં સૌંદર્ય, ચારિત્ર્યશીલતા, કુલીનતા (ખાનદાની) અને શ્રીમંતાઈના આભૂષણરૂપ વિદ્યા યા શિક્ષણને શોભારૂપ ગણાવ્યું છે. વિદ્યારૂપી અલંકારથી સુશોભિત વ્યક્તિ સમાજમાં આદરભર્યું સ્થાન પામે છે ને સૌના માન-સન્માનનું પાત્ર બને છે. માણસ માટે રૂપાળા, ચારિત્ર્યશીલ, ધનાઢ્ય અને ખાનદાન હોવું એટલું જ માત્ર પૂરતું નથી, પણ સંસ્કારયુક્ત શિક્ષણ કે ભણતર હોવું ય જરૂરી છે.

જો શિક્ષિત વ્યક્તિ રૂપાળો ન હોય અને દરિદ્ર હોય, તો પણ તે સમાજમાં આદરપાત્ર બને છે. વિદ્યા માણસને વિનય, પાત્રતા અને ધન વગેરે અપાવે છે, માટે તો વિદ્યાને સાચું ધન કહેવાયું છે. યોગ્ય શિક્ષણથી જીવનમાં ઘણું બધું પ્રાપ્ત થઈ શકે છે. વિદ્યાને કલ્પતરુ કે કામધેનુ કહેવામાં આવી છે એ યથાર્થ જ છે. માણસ ગમે તેટલો રૂડો-રૂપાળો હોય, દેખાવડો હોય, પણ અશિક્ષિત હોય તો સમાજ તેની નોંધ લેતો નથી.

અભણ એવા વિદ્યાવિહીનને સમાજમાં પ્રતિષ્ઠા મળતી નથી. આમ ભણતર તો રૂપસૌંદર્ય, સુશીલતા, ખાનદાની અને શ્રીમંતાઈ કરતાંય ચઢિયાતું છે.

વિદ્યા-સુશિક્ષણને માણસનું ત્રીજું નેત્ર કહેવાયું છે. બે નેત્રો તો સૌને મળ્યાં છે, પણ તેનાથી તો માણસ જગતના સ્થૂળપદાર્થોને જ જોઈ શકે છે. ત્રીજા નેત્રથી તો તે પોતાનું ભવિષ્ય જોઈ શકે છે, હિતાહિતને જોઈ શકે છે ને જીવનને યોગ્ય વળાંક આપી શકે છે. જેમ અંધ દૃષ્ટિહીનતાને લીધે સાચો રસ્તો જોઈ શકતો નથી, તેમ વિદ્યાવિહીન વ્યક્તિ પણ સાચા જીવનપથને જોઈ શકતો નથી. કદાચ એટલે જ અભણ માણસ અને આંધળાને સમાન કહેવાયા હશે.

મા-બાપે ભણાવવા જોઈએ. પોતાનાં બાળકને ન ભણાવનાર પિતા-માતા બાળકના વેરી અને બાળકના શત્રુ છે.

पिता शत्रुं माता वैरी येन बालो न पाठितः

સાથે જ વિદ્યા રૂપસૌંદર્ય, શીલ, કુલીનતા અને શ્રીમંતાઈનું ઘરેણું છે. માટે તો માણસે જીવનમાં સુશિક્ષણરૂપી અલંકારથી અલંકૃત થવું ઘટે. ગૃહસ્થ મા-બાપે પોતાના સંતાનો સંસ્કારયુક્ત યોગ્ય સુશિક્ષણથી વંચિત ન રહે તે જોવું ઘટે. વિદ્યા જ સાચો શણગાર છે, સાચી શોભા છે. જેમ ફૂલનું મૂલ્ય તેનાં સૌંદર્ય અને સુવાસથી છે, તેમ માનવજીવનનું મૂલ્ય તેમનાં સુશિક્ષણથી અંકાય છે. સુગંધ વિનાના કેસૂડાના ફૂલની શી કિંમત ? સંસ્કારી અને સુશિક્ષિત માણસ દેશ-વિદેશમાં આદરપાત્ર બને છે.

'શ્રીજી સ્વામી કહે સુસંત અમને, વિદ્યા ભણે તે ગમે' એમ કહીને શ્રીજી મહારાજે પણ વિદ્યા ભણવા પ્રત્યે પોતાનો રાજીપો દર્શાવ્યો છે. વળી

ભણે ગણે પંડિત તે ગણાય, ભણે નહિ તે જન મૂર્ખ થાય;
બાળપણે જે ન ભણે જ જેને, જરૂર પસ્તાય જુવાન વેને;
જે પુત્રને તાતા નહિ ભણાવે, બાળપણે લાડ ઘણા લડાવે;
તે પુત્રનો શત્રુ પિતા ગણાય, જુવાન થાતાં સુતને જણાય.
આંખો વિનાનો માણસ, પાંખો વિનાનું પંખી
અને પાણી વિનાનું સરોવર,
એવો જ વિદ્યા વગરનો માણસ.

હાસ્ય લેખ

એક સજા બે વખત ભોગવવી ન પડે



- ડો. જગદીશ ત્રિવેદી

અંબાલાલ હૈયાદૂબળો છે એટલું જ નહીં, પરંતુ પોતે પણ દુબળો જ છે. એની ઘરવાળી મોંઘીભાભી જાડી બુદ્ધિની છે, એટલું જ નહી, પરંતુ જાતે પણ જાડી જ છે. એ બંનેનો સજોડે પડાવેલો ફોટો જુઓ એટલે હાથણી પાસે જિરાફ ઊભું હોય એવું રૂપક રચાય છે. ૨૬મી જાન્યુઆરીનો ભૂકંપ થયો ત્યારે ભાભી પલગ ઉપરથી જમીન ઉપર પટકાયાં. મોંઘીપતનનો ધડાકો સાંભળને અંબાલાલ સફાળો જાગી ગયો. પાતળિયા પતિએ જાગીને જોયું તો ભાડાનું મકાન આખેઆખું ડોલતું હતું, જે રીતે મદારીની મોરલી ઉપર નાગ ડોલે છે. પથારીમાં બાથરૂમ થઈ જાય એવી સ્થિતિમાં પણ અંબાલાલે પૂછ્યું હતું : "ભૂકંપ થયો એમાં તું પડી કે તું પડી એમાં ભૂકંપ થયો ?"

જે રીતે રેલવેમાં નોકરી કરતા ટી.સી.ને ટ્રેનના અવાજ વચ્ચે સતત હાલતી અસ્થિર પથારીમાં ઊંઘવાની ટેવ પડી ગઈ હોય પછી ઘરે નીરવ શાંતિમાં સ્થિર પલંગ ઉપર જોઈએ એવી ઊંઘ આવતી નથી, તે રીતે પતિ કે પત્નીના નસકોરાંના કર્કશ અવાજમાં સૂવા ટેવાયેલા લોકોને એકલા બહારગામ જાય ત્યારે શાંત વાતાવરણમાં ઝપતું નથી. નસકોરાંનો અવાજ ન આવતો હોય ત્યારે બિચારા એક રાતમાં બે-ત્રણ વખત ઝબકીને જાગી જતા હોય છે. જેમ ગરીબોને અભાવ કોઠે પડી જાય, એમ અંબાલાલને મોંઘીભાભીના નસકોરાંનો અવાજ ઊંઘની ગોળી જેવું કામ આપતો હતો.

એક અડધી રાત્રે કોઈ અંબાલાલનો પગ પકડીને હલાવતું હોય એવું લાગ્યું. અંબાલાલે બંને આંખ ઉઘાડવાની આળસમાં એક જ આંખ ઉઘાડીને જોયું તો સામે પહેલવાન જેવા ચાર માણસો ઊભા હતા.

અડધી રાતે આમ પારકાના ઘરમાં ઘરેલા પોતાના બેડરૂમમાં એકસાથે ચાર ચાર અજાણ્યા માણસો અને તે પણ કિંગસાઈઝનાં જોઈને અંબાલાલની બીજી આંખ પણ ફટ દઈને ખૂલી ગઈ અને બે આંખને બેમાંથી ચાર કરીને જોવા લાગ્યો. સૌપ્રથમ તો અંબાલાલને ટાવર પકડાતાં એકાદ મિનિટ લાગી. પહેલાં તો એમ થયું કે પોતે સપનું જુએ છે, પણ ખાસ્સી વાર પછી કવરેજ મળ્યું ત્યારે સમજાયું કે પોતે જુએ છે એ ડ્રીમ નથી, પણ ડખ્ખો છે.

બીકના માર્યા અંબાલાલની નજર પેલા ચાર હટ્ટાકટ્ટા માણસો સામે ચોંટી ગઈ હતી. એણે બાજુમાં પહોળા પટે પથરાયેલી પોતાની પત્ની સામે જોયા વગર જ કહ્યું, "ઊંઘમાંથી ઊઠ, મોંઘી ! અને જો તો ખરી કે આપણા બેડરૂમમાં આમ અડધી રાતે આમંત્રણ વગર કોણ આવી ચડ્યું છે !"

ત્યારબાદ પત્ની કરતાં પારકા સાથે પનારો પાડવામાં ઓછી તકલીફ થશે એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં અંબાલાલે પત્નીને પડતી મૂકીને હિમત કરીને પેલા ચાર જણને પૂછી જ નાખ્યું, "આમ અડધી રાતે મને ઈન્ફોર્મ કર્યા વગર મારા ઘરમાં અને તેનાથી વધુ મારા બેડરૂમમાં ઘૂસી ગયેલા ઘૂસપેઠિયાઓ, તમે કોણ છો ?" એટલે તરત જ એક બોલ્યો, "અમે યમદૂત છીએ."

યમદૂતને પોતાની પથારી ફેરવવા માટે પથારી સુધી પહોંચી ગયેલા જોઈને અંબાલાલ પથારીમાં ફટાક કરતો બેઠો થઈ ગયો અને મેલું ગોદડું પોતાની તરફ ખેંચીને બીકણને શોભે એવા અવાજે બોલ્યો, "બેસો-બેસો, મહેમાન ! ઊભા કેમ છો ?" આ વખત યમદૂત નં. ૨ બોલ્યો, "અમે બેસવા માટે ક્યાંય જતા નથી, પણ એક વાર અમારા આવીને ગયા પછી એ ઘરમાં બેસણું ગોઠવાય છે." બેસણાંની વાત સાંભળીને અંબાલાલનું ઉપરનું બી.પી. એકસોને વીસથી ઠેકીને સીધું બસો ને ચાલીસ થઈ ગયું.

ધરતીકંપ ચાલુ હતો ત્યારે પણ ભાગવાને બદલે પત્નીને સવાલ કરનાર અંબાલાલે મોત ફરી વાર સામે ઊભું હતું છતાં દૂત-ટોળીને સવાલ કર્યો, "અત્યારે બસ

કે ટ્રેનનો ટાઈમ નથી, છતાં આપ કેવી રીતે ગુડાણા ?''
આ વખતે થર્ડ અમ્પાયરની જેમ થર્ડ યમદૂત બોલ્યો, ''અમે જો ટ્રેનમાં બેસીને જીવ લેવા નીકળીએ અને રસ્તામાં ગુર્જરો ગુજરી જવા માટે ઉતાવળા થાય, અમારી ટ્રેન રદ થાય તો નાછૂટકે અમારે ઑર્ડર પ્રમાણેનો માલ ઉપાડવાને બદલે હડતાલિયાથી કામ ચલાની લેવું પડે અને એવું ન થાય એટલા માટે અમારે બૉસ તરફથી અમને પ્રાઈવેટ વિમાન આપવામાં આવ્યું છે. ગાંધીનગરમાં જે રીતે મંત્રી કરતાં એમનો ચમચો વધારે પાવર પછાડે, એમ અમારા બૉસ યમરાજ ભલે પાડા ઉપર બેસીને રખડતા હોય, પણ અમે એમના નોકર પ્રાઈવેટ વિમાનમાં ફરીએ છીએ.''

મને ઘણી વાર વિચાર આવે છે કે હું હાસ્યકલાકાર તથા હાસ્યલેખક થયો એના કરતાં યમનો દૂત થયો હોત તો સારું હતું, કારણ હું લોકોને હસાવવા માટે જઉં છું, છતાં ઘણી વાર કપચી ભરેલા ખટારામાં બેસીને જઉં છું અને આ લોકો બીજાનો જીવ લેવા જાય, છતાં પોતાના વિમાનમાં જાય છે. કદાચ એવું બને કે પ્રાઈવેટ વિમાનમાં ઊડનારા બીજાનો જીવ લેવામાં હોશિયાર હોવા જોઈએ.

એટલી વારમાં અંબાલાલને શો વિચાર આવ્યો કે એણે ભરઊંઘમાં સૂતેલી મોંઘીને ઓશીકું મારીમારીને માંડમાંડ જગાડી. મહાપરાણે જાગેલી પત્નીને યમદૂતો સામે ઊભી રાખીને બોલ્યો, ''અમારા મૃત્યુલોકમાં લેડીઝ ફર્સ્ટનો નિયમ છે. તમે યમલોકમાં નથી, પણ પૃથ્વીલોકમાં છો, માટે અમારા નિયમને અનુસરો. તમારી સાથે વિમાનયાત્રાનો લાભ મારા પહેલાં મારી પત્નીને આપો.''

ચારેચાર દૂતોએ મોંઘીને પગથી માથા સુધી જોઈ. અત્યાર સુધી મૂંગો રહેલો ચોથો દૂત બોલ્યો, ''તમે કેટલાં વરસથી વર થયા છો ?'' અંબાલાલ બોલ્યો, ''છેલ્લાં વીસ વરસથી આ વાવાઝોડાં સામે અણનમ ઊભો છું.'' ત્યારે દૂતની ટીમનો કૅપ્ટન બોલ્યો, ''તમે બંને જણા આરામથી સૂઈ જાઓ. અમારે કોઈને લઈ જવાં નથી, કારણ ઉપર લઈ જઈને તમને વીસ વરસની નર્કની સજા કરવાની હતી, પણ તમારી પત્નીને જોયા પછી લાગે છે કે એ સજા તો તમે ભોગવી લીધી છે. એકની એક સજા બેવાર ન ભોગવાડવાય!''

અનુસંધાન પાના નં-૯ ઉપરનું

ચસલી ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પાયો.''

મુમુક્ષુતાનાં પ્યાસા હૃદયમાં હરિનો રસ રેડાય ત્યારે મુમુક્ષુતા ખીલી ઊઠે છે.

ગરવા ગિરનારની ગોદમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તાની ધૂણી ધખાવી હતી. એમના સંપર્કમાં આવીને અનેક મુમુક્ષુઓએ પોતાની અધૂરી સાધના પૂર્ણ કરી હતી.

એક દિવસનો સમય છે કમરોળ ગામના દરબાર દાજીભાઈ જૂનાગઢ મંદિરે પધાર્યા. થોડા દિવસ રોકાયા. રોજ સ્વામીનાં મુખે કથાવાર્તા રૂપી અમૃતનું પાન કરે. એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું, ''દરબાર ! ગુરુ કર્યા છે ?''

દરબાર કહે, ''ના સ્વામી ! જેની પાસે જાઉં તે ચલમ અને હોકા માંગે, કાં બકરા માગે. તો સ્વામી ! આમા કોને ગુરુ કરવા ? આ બધું તો હું કરું જ છું.''

સ્વામી કહે, ''આ સંતો એવું માગે તેવા નથી.''

પછી સ્વામીએ ભગવાન શ્રીસ્વામિનારાયણના મહિમાની અને પંચવર્તમાનની વાત કરી. દાજીભાઈને ગુણ આવ્યો. તેમણે સ્વામીને કહ્યું, ''મારે કંઠી પહેરવી છે, પણ સ્વામી ! ચાર વર્તમાન મારાથી પળાય, પણ પાંચમું...''

''અરે દરબાર !'' ''હા સ્વામી ! યુવાનીમાં મેં વૈદ્યો પાસે એવાં ઔષધો ખાધાં છે, તેથી નિષ્કામ નહિ પળે.''

સ્વામી રાજી થઈ ગયા. ''અરે દરબાર ! નિખાલસતા તો અમૃત વરસાવે. જાવ, ચાર તમે પાળજો અને પાંચમું અમે પાળીશું.''

સ્વામીએ દરબારને માળા લઈને સામે બેસાડ્યા અને ભગવાનના નામનો જપ કરવાનું કહ્યું. થોડીવાર પછી ગુણાતીતાનંદ સ્વામી અને દાજીભાઈની ચાર આંખો એક થઈ. સ્વામીએ તેમના હૃદયમાંથી કામ ખેંચી લીધો. કાયમ માટે તેમને નિષ્કામ કરી દીધા. આ છે એક સાચા સંતનું સામર્થ્ય, સાચા સદ્‌ગુરુનું મહત્વ.

ઋતુઓમાં જ્યારે વસંત આવે છે ત્યારે સમગ્ર પ્રકૃતિ ખીલી ઊઠે છે, તેમ માનવજીવનમાં કોઈ સંત આવે ત્યારે જીવનને અધ્યાત્મની વસંતમાં પલટાવી નાખે છે.

જેવી રીતે ગંગા, યમુના અને સરસ્વતી સાગરમાં મળી જાય છે અને પોતાનું અસ્તિત્વ મિટાવી દે છે, તેમ આપણે પણ મનુષ્યતા, મુમુક્ષુતા અને મહાપુરુષ સંશ્રયરૂપિ ત્રિવેણી સંગમથી આ દેહના અસ્તિત્વને મિટાવી અને પરમાત્મા રૂપી મહાસાગરમાં ભળી જવાનું છે.

વચનામૃત શીખવે છે જીવન જીવવાની કળા

- ડૉ. દેવાંગી નીલેશ જોગલ, સુરત

આંધીમાં અટવાતો આજનો વિદ્યાર્થી અભ્યાસકાળ દરમ્યાન જાતજાતનાં સપનાં સેવે છે કે હું મોટો થઈને કવિ કાલિદાસ, વાલ્મિકી કે ન્યૂટન બનીશ. પરંતુ, જ્યારે તે અનાજ, તેલ અને લાકડાના ચક્કરમાં ફસાયો ત્યાં બધી જ પરિસ્થિતિઓ બદલાય છે. હાંફળો ફાંફળો થઈને ફરતો એ વાલ્મિકી, કરિયરને સેટ કરવા મથતો એ કાલિદાસ, શરૂઆતમાં નોકરીની પછી છોકરીની દીકરી માટે મૂરતિયાની અને અંતે સ્મશાનની શોધમાં ભટકતો એ ન્યૂટન. .આમ પોતાની બધી જ કલ્પનાઓનુ સમાધાન કરી લે છે.

શું આપણા બધાની જીંદગીમાં પણ કંઈક આવું જ થઈ રહ્યું છે ? તમારા અંતરાત્માને પૂછશો તો જવાબ મળશે "હા." હવે બીજો પ્રશ્ન, "આપણી સમસ્યાઓનું સમાધાન મેળવવાનો કોઈ વિશ્વસનીય સ્રોત આપણી પાસે છે ?" તો એનો જવાબ છે.. "હા..અવશ્ય !"

આપણા સત્સંગીઓના નાથ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણી નાનામાં નાની સમસ્યાથી લઈને મોટામાં મોટા પ્રશ્નોના ઉકેલ માટેનું કોઈ પ્રેક્ટિકલ મેન્યુઅલ જો આપ્યું હોય, તો એ છે 'વચનામૃત.' સંતો વચનામૃત વિશે કહે છે કે...

"અભણને અઘરું ન લાગે અને વિદ્વાનને સહેલું ન લાગે.."



ખરેખર, સાચા અર્થમાં વચનામૃત જીવન જીવવાની કળા શીખવે છે. વ્યક્તિને પોતાની આત્મખોજ કે સેલ્ફઓડિટની તક આપે છે. વ્યક્તિ સાધનાની કોઈપણ સ્થિતિએ હોય, અભણ હોય કે વિદ્વાન, ગરીબ હોય કે ધનવાન..વચનામૃતનાં વાંચન, શ્રવણ, મનન કે નિદિધ્યાસનથી માનવીને પોતાની પ્રગતિનો આલેખ મળતો રહે છે. દરેક ભક્તને પોતાનું અંગ ઓળખીને ભગવાન તરફ ઢાળવાની અદ્‌ભૂત તાલીમ વચનામૃત આપે છે.

સંસારચક્રની આંટીઘૂંટીમાં ફસાયેલો સત્સંગી વચનામૃતની મદદથી 'સ્વ' ને ઓળખી આત્મખોજ દ્વારા ભગવાનને મેળવવામાં સફળ બને છે. સસાર અને ભગવાનને જોડતી કડી છે વચનામૃત. આપણે જીવન જીવવામાં એનો જેટલો ઉપયોગ કરીશું એટલા ભગવાનને પામવામાં સફળ થઈશું...

ચાલો ! આજે અલગ-અલગ દૃષ્ટિકોણથી જોઈએ કે વચનામૃત જીવન જીવવાની કળા કેવી રીતે શીખવાડે છે. આમ તો આ કાર્ય સમુદ્રમાંથી ડોલે ડોલે પાણી સીચવા જેવું છે, પણ હું નમ્ર પ્રયત્ન કરું છું.

(૧) વચ. ગ. પ્ર. ૧ (અખંડવૃતિનું)

સર્વ સાધનમાં ક્યું સાધન કઠણ છે ? એના જવાબમાં મહારાજ જણાવે છે કે "ભગવાનનાં સ્વરૂપમાં અખંડવૃતિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી..."

બોધ : આપણે રોજબરોજની જીંદગીમાં ગમે તેટલા અટવાયેલા રહેતા હોઈએ, પણ જો ભગવાન સતત હૃદયમાં ધારેલા રાખશું (ખાતાં પીતાં, હસતાં બોલતાં, ચાલતા ફરતા) તો કલ્યાણ અવશ્ય થશે.

(૨) વચ. ગ. પ્ર. ૪ (નારદજીના જેવી ઈર્ષ્યા કરવાનું)

"ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે, જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા અને તેવું ન થવાય અને જે

ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તએ સર્વ પ્રકારે ત્યાગ કરવો.''

બોધ : દરેક મનુષ્યમાં સ્વાભાવિક રીતે રહેલી ઈર્ષ્યાનું સુમાર્ગીકરણ અહીં દર્શાવ્યું છે ઈર્ષ્યા ન કરવી પણ કરવી તો કોના જેવી કરવી ? એનું સચોટ ઉદાહરણ મહારાજે આપ્યું છે.

(૩) વચ. ગ. પ્ર. ૧૦ (કૃતઘ્ની સેવકરામનું)

''જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે, તેને કૃતઘ્ની જાણવો...''

બોધ : વ્યવહારમાં પણ આપણી આજુબાજુ એવા અનેક લોકો જોવા મળતા હોય જે તમારાં કરેલાં કાર્યની કદર ન કરતા હોય, તો એવા વ્યક્તિના સંગનો ત્યાગ કરવો. વળી કોઈકે કોઈ પાપકાર્ય કર્યું હોય અને એણે એનું પ્રાયશ્ચિત પણ કર્યું હોય, છતાં એનાં પાપકાર્યને જે વ્યક્તિ વારંવાર યાદ કરી એને નીચા દેખાડવાનો પ્રયત્ન કરે છે, તેની સાથેના સંબંધો પણ તોડી નાંખવા જોઈએ.

(૪) વચ. ગ. પ્ર. ૨૦ (અજ્ઞાનીનું પોતાનાં સ્વરૂપને જોવાનું)

અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તે કોણ છે ? તેના જવાબમાં છે :''આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુવે છે, કુરૂપને જુવે છે..જોનારો પોને પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે..એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.''

બોધ : આ વચનામૃત કદાચ પ્રેક્ટિકલી સૌથી મહત્વનું છે. આજુબાજુની બધી જ પરિસ્થિતિ જોયા પછી આપણાં જીવનને કઈ બાજુ વાળવું એનો જવાબ દરેક વ્યક્તિને આત્મખોજથી મળવો જ જોઈએ..અને એ મુજબ આપણી જીવનશૈલીમાં બદલાવ પણ એટલો જ જરૂરી છે. નહીંતર મહાભારતમાં દુર્યોધનની જે સ્થિતિ થાય છે એવી જ આપણી પણ થાય કે..

''जानामि धर्मं न च मे प्रवृत्ति ।
जानामि अधर्मं न च मे निवृत्ति ॥''

આના સંદર્ભમાં વળી આગળ કહેવાયું છે કે ભગવાનના માર્ગે પોતાની પ્રગતિ દિવસે દિવસે કેટલી થાય છે એનો પણ હિસાબ માંડવો.

(૬) વચ. ગ. પ્ર. ૩૮ (વણિકના નામાનું)

''જે સત્સંગી હોય... પ્રથમ વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું...પોતાનાં મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી..વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહું કઠણ પડે..''

બોધ : કેટલી અદ્‌ભૂત વાત ! દરેક વ્યક્તિ બહારથી દર્પણ સામે ઊભી રહીને પોતાનો બાહ્ય દેખાવ જોઈ શકે એવી જ રીતે 'સેલ્ફ ઓડિટ'ની આ રીત દ્વારા પોતાનું આંતરિક સૌંદર્ય મૂલવીને દિનપ્રતિદિન એને વધારવાનો પ્રયત્ન કરી શકાય.

(૭) વચ. ગ. મ. ૬ (હૂંડીનું, ચિત્તના સ્વભાવનું)

''મનુષ્યમાત્રનું ચિત્ત કેવું છે ? તો જેમ મધ હોય અથવા ગોળ, સાકર, ખાંડ...હું તો એ ચિત્ત થકી જુદો છું અને હું તો એનો જોનારો આત્મા છું...એમ જાણીને ચિત્તના સારા ભૂંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહીં. પોતાને ચિત્ત થકી જુદો જાણીને ભગવાનનું ભજન કરવું અને સદા આનંદમાં રહેવું...

બોધ : આ વચનામૃતમાં મહારાજ કળિયુગના જીવને હિંમત આપે છે. દોડાદોડીના આજના યુગમાં ક્યારેક કોઈક ખોટું કાર્ય થઈ જાય, નિયમ - ધર્મ - વ્રત - ઉપવાસ - પ્રદક્ષિણા વગેરે સો ટકા શક્ય ન બને તો નાસીપાસ થયા વગર અખંડવૃત્તિ ભગવાનમાં રાખી, ભગવત્ નામસ્મરણ સાથે તમારું કાર્ય કર્યા કરશો તો એ કાર્ય પૂજા બની જાય છે અને ભગવાનના અક્ષરધામાં તમારું સ્થાન નક્કી જ છે. આ માનસિકતા ડગલે ને પગલે જીવનમાં કેળવશો તો વચનામૃતના સિદ્ધાંતો જીવનમાં પચ્યા ગણાય.

મારું એવું તારણ છે કે જ્યારે જીવનની વિકટતમ પરિસ્થિતિમાં તમે આવી જાવ છો, ત્યારે એકાંતમાં બેસી વચનામૃતનું કોઈપણ એક પાનું ખોલો. ચોક્કસ તમને તમારી સમસ્યાનું સમાધાન મળી જશે.. આ એક એવો ગ્રંથ છે કે એક જ અધ્યાય વારંવાર વાંચવાથી દરેક વખતે નવો અર્થ મળશે.. જે તમારા જીવનમાં ટાઢક લાવશે.

અંતે દરેક સત્સંગીઓને એક જ પ્રાર્થના કે જીવન જીવવાની અદ્‌ભૂત કળા આ ગ્રંથમાં પાને-પાને,વાક્યે-વાક્યે, શબ્દે-શબ્દે ભરી છે...જરૂર છે એને આત્મસાત્ કરવી...

"जागो ! जागो ! सत्संगीओ, लाओ अब फिर जागृतता.
ऊठो ! ऊठो ! जयघोष करो, मुखरित होगी मानवता.
क्यों प्रमाद जीवन में आया, यह कल्मष क्यों जान पर छाया.
पावन प्रेम शीखा दो अब तुम, भागे जग से दानवता.
आहुति की वेला आई, अलसाये क्यों हम सब भाई.
मनुजो ! बलि दो ! निज सत्संग पर,
लाओ फिर से शुद्ध એકતા..."

(જ્ઞાનસત્ર દરમિયાન યોજાયેલ વચનામૃત નિબંધ સ્પર્ધામાં આ નિબંધને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.)



સમાચાર દર્શન

જન્માષ્ટમી મહોત્સવ

જન્માષ્ટમી મહોત્સવ ભારતવર્ષનો પ્રાણવંતો મહોત્સવ છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય સર્વના જીવનને નવપલ્લવિત કરે છે. ત્યારે અમદાવાદા ગુરુકુલ ખાતે ૨૪ ઓગષ્ટના રોજ પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામા આવ્યો હતો. મહોત્સવના પ્રારંભે ગુરુકુલ ગાયકવૃંદ દ્વારા પ્રાગટ્ય મહોત્સવના કીર્તનોનું ગાન થયું. ત્યારબાદ પરમ પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સ્વામીજીએ ભગવાન શ્રીકૃષ્ણની મધુર લીલાઓનું શ્રવણ કરાવ્યું હતું. બરાબર બાર વાગ્યાના સુમારે ભગવાન શ્રીકૃષ્ણના જયજયકાર સાથે પ્રાગટ્ય આરતી કરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ રાસ લઈ ભગવાનના પ્રાગટ્યનો આનંદ વ્યક્ત કર્યો હતો. મહોત્સવના અંતે ઉપસ્થિત ભક્તજનો પંચાજીરીનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

પૂજ્ય જોગીસ્વામી પૂન્યતિથિ

સદ્‌ગુરુ સંતોની તપશ્ચર્યાને પ્રતાપે ગુરુકુલ જાણે નૈમિષારણ્ય ક્ષેત્ર બન્યું છે અને અખંડ ભજનનો પ્રવાહ વહેતો રહે છે. ત્યારે પૂજ્ય જોગી સ્વામીની આઠમી પુન્યતિથિ સંતો-ભક્તો તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ ભજન કરીને ઉજવી હતી. તારીખ ૨૯ ઓગષ્ટના રોજ પુણ્યતિથિ પ્રસંગે SGVP, અમદાવાદ, દ્રોણેશ્વર તથા રીબડા ગુરુકુલમાં ભજનના અનેરા આયોજનો થયા હતા. અમદાવાદ ગુરુકુલ, દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય તથા SGVP હોસ્ટેલના વિદ્યાર્થીઓ, હરિભક્તો તથા મહિલા મંડળના બહેનોએ અખંડ ધૂન, મંત્રલેખન, દંડવત્, પ્રદક્ષિણા, શાસ્ત્ર વાંચન વગેરે ભજનના આયોજનો કરી પૂજ્ય જોગી સ્વામીને શ્રદ્ધાંજલી અર્પણ કરી. ગુણાનુવાદ સભાના પ્રારંભે SGVP ગુરુકુલ ખાતે આવેલ મહાન તીર્થભૂમિ હૃદય કુટીરે સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનોએ પુષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ સભાના આરંભે પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ જોગી સ્વામીના જીવનના કેટલાક પ્રસંગો કહી સ્વામીના મહાન ગુણોનું વર્ણન કર્યું હતું.

દલપત સાહિત્યોત્સવ

જેમણે નાનપણમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કર્યા હતાં, મૂળીના મહાન સંત દેવાનંદ સ્વામી પાસેથી કાવ્ય-દીક્ષા પ્રાપ્ત કરી હતી, સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી પાસેથી ધર્મ-દીક્ષા મેળવી હતી, જેમણે વિશાળ હરિલીલામૃત ગ્રંથની રચના કરી પોતાના ધર્મગુરુ વિહારીલાલજી મહારાજને અર્પણ કર્યો હતો, તેમજ ગુજરાતી ભાષાના અર્વાચીન સાહિત્યસર્જક એવા કવીશ્વર દલપતરામનો દ્વિશતાબ્દી મહોત્સવ SGVP ખાતે ઉજવાયો હતો.

પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં ઉજવાયેલ આ સાહિત્યોત્સવમાં મુખ્ય વક્તા તરીકે ડો. સતીશભાઈ વ્યાસ, ડો. વિનોદભાઈ જોશી, ડો. મણિલાલ પટેલ અને ચિરાગભાઈ ત્રિપાઠીએ જૂદા જૂદા વિષયો ઉપર દલપતરામ વિશે જણાવ્યું હતું.

કાર્યક્રમની શરુઆતે અશ્વિનભાઈ આણદાણી અને નિસર્ગભાઈ આહિરે કવીશ્વર દલપતરામનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. આ પ્રસંગે સતીશભાઈ વ્યાસે જણાવ્યું હતુ કે, આ સંસ્થામાં પગ મૂકતાં જ મન સાધુતામા પરિવર્તન થઈ ગયું. ખરેખર દલપતરામ કવિ અવાચીન ગુજરાતી સાહિત્યના મહાન સર્જક છે. પોતે રુઢિચુસ્ત હોવા છતા સમાજમાં પ્રવર્તતા કુરિવાજોને દૂર કરવા પોતાનાં કાવ્ય દ્વારા ખૂબ જ પ્રયાસ કરેલ છે.

વિનોદભાઈ જોષીએ જણાવ્યું હતું કે, દલપતરામે સ્વામિનારાયણના મૂળ સિદ્ધાંતો અને મૂલ્યોને ધ્યાનમાં રાખીને કાવ્યો રચેલાં છે. તેઓના મનહર છંદમાં લખેલ શરણાઈવાળો વગેરે કાવ્યો મનને રંજન કરે છે. તેમના કાવ્યો સમાજને નવી દિશા આપે છે. મણિલાલભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, કવિ દલપતરામ ગુજરાતી ગદ્ય સાહિત્યના મહાન ઘડવૈયા છે. તેઓએ તાત્કાલિન સમાજની નાડ પારખીને ગદ્યમાં ભૂતપ્રેત, જ્ઞાતિ, મિથ્યાભિમાન, બાળવિવાહ વગેરે વિષયો ઉપર સમાજોપયોગી નિબંધો આપ્યા છે. ચિરાગભાઈ

ત્રિપાઠીએ વાચીકમ્ દ્વારા હાસ્યસભર મનોરંજન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, દલપતરામનુ સમગ્ર જીવન સ્વામિનારાયણ સમ્પ્રદાયથી રંગાઈ ગયું હતુ. તેઓએ સ્વામિનારાયણ સંપ્રદાયનો શિરમોડ હરિલીલામૃત ગ્રન્થ કરીને સંપ્રદાયની ખૂબ જ મોટી સેવા કરી છે. ઉપરાંત દલપતરામનો મૂળી સમૈયાનો પ્રસંગ, દિક્ષાગુરુ ભૂમાનંદ સ્વામીનો પ્રસંગ અને મુંબઈ માધવબાગના પ્રસંગનું સુંદર રીતે વર્ણન કર્યું હતું.

આ પ્રસંગે ખાસ કવિ શ્રીહર્ષદભાઈ ત્રિવેદી, કિરીટભાઈ દુધાત, કિશોરસિંહ સોલંકી, રાઘવજીભાઈ માધડ, પ્રતાપસિંહ ડાભી, પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવ, ગાયક અરવિંદભાઈ બારોટ વગેરે સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ઉપસ્થિત દલપતરામના પરિવારજનોનું સન્માન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

વચનામૃત સત્ર

આગામી કાર્તિકી સમૈયામાં વડતાલ ખાતે ઉજવાનાર વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપલક્ષે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા-રાજકોટ ખાતે પૂજ્ય પુરાણી સ્વામીના સાંનિધ્યમાં પંચ દિનાત્મક વચનામૃતનાં અનુષ્ઠાન સાથે વચનામૃત સત્ર યોજાયું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલ આ સત્રમાં વચનામૃતને આધાર દરરોજ બપોર સુધી વચનામૃત ગ્રંથ અનુષ્ઠાન અને બપોર પછી વચનામૃત ગોષ્ઠી, મુખપાઠ, પ્રશ્નોત્તરી વગેરે પાર્ષદ શામજી ભગતના માર્ગદર્શન નીચે રાખવામાં આવેલ. આ ઉપરાંત દરરોજ વચનામૃત આધારે મહાવિષ્ણુયાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી વગેરે સંતોના હસ્તે મહાવિષ્ણુયાગની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે સાહિત્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો શિરમોડ છે. વચનામૃતોમાં વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, શ્રીમદ્ ભગવત ગીતા તથા શ્રીમદ્ ભાગવત વગેરે ગ્રન્થોનુંરહસ્યસમજાવ્યું છે.

વચનામૃત સત્ર-અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રીમદ્ ભાગવત અને નિષ્કુળાનંદ સ્વામી કૃત યમદંડના આધારે યમરાજા તથા ચિત્રગુપ્ત દ્વારા જીવાત્માના પાપ-પુણ્યના ખાતાં જોવરાવી પુણ્યશાળી જીવને સ્વર્ગમાં મોકલે છે, પાપી જીવને યમપુરીમાં મોકલી તેના પાપ પ્રમાણે કેવી રીતે દંડ કરે છે તે આબેહૂબ દર્શાવતું નાટક મેમનગર ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સ્થાનિક વિદ્યાર્થીઓએ દ્વારા વચનામૃત અંગેનો સંવાદ રજુ કરવામાં આવ્યો હતો. વચનામૃત સત્ર દરમ્યાન જે જે ભાઈ-બહેનોએ વચનામૃતના પાઠો કરેલા તેઓને પુરસ્કાર રુપે વચનામૃત પુસ્તક ભેટ અર્પણ કરવામાં આવેલ. આ સાથે આગામી પથી ૯ ડિસેમ્બર દરમ્યાન આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે રીબડા ગુરકુલમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્નિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

જળઝીલણી મહોત્સવ

પ્રાચીન તીર્થ દ્રોણેશ્વર મહાદેવના સાંનિધ્ય અને ઋષિતોયા મચ્છુન્દ્રી નદીના પટમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે તારીખ ૯ સપ્ટેમ્બરના રોજ ભવ્ય જળઝીલણી મહોત્સવ ઉજવાયો.

જલઝીલણી મહોત્સવના આગલા દિવસે મચ્છુન્દ્રી નદીમાં ઘોડાપુર આવેલું હતું. પરંતુ ભગવાનની કૃપાથી ઘોડાપુર ઓસરી ગયા અને રાતોરાત મહોત્સવની તૈયારીઓ થઈ ગઈ.

મહોત્સવ પ્રારંભે ગુરુકુલ પરિસરમાંથી મહોત્સવ સ્થાન સુધી ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રાનુ આયોજન થયું હતું. જેમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, હરિભક્તો જોડાયા હતા. મહોત્સવના પ્રારંભે ગુરુકુલની વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. ત્યારબાદ સંતો પધારતા ઠાકોરજીનું પૂજન તથા પ્રથમ આરતી થઈ હતી.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલ મહોત્સવમાં ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'નાધેર ભૂમિ તપોભૂમિ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામી આદિ સંતોની ચરણરજથી પાવન થયેલી છે. આ પાવનભૂમિને વધારે પાવન બનાવવા ગામડે ગામડે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ અભિયાન ચલાવવા દરેકને અનુરોધ છે.'

આ પ્રસંગે પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગીરની મધ્યમાં રહીને ગુરુકુલ દ્વારા થતા સેવાકાર્યોની માહિતી આપી હતી. જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, 'ગુરુકુલમાં બાળકોને આધુનિક શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરવામા આવે છે, તેથી હું અત્યંત પ્રભાવિત છું.'

ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ઉજવાયેલા મહોત્સવને માણી ઉપસ્થિત ભક્તજનો ધન્યભાગી બન્યા હતા. આ ઉપરાંત નૂતન વર્ષના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. મહોત્સવના અંતે સદ્‌ગુરુ સંતોએ યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા તથા ગામોગામથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તજનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

મહોત્સવની તમામ વ્યવસ્થા ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી અને પૂજ્ય નરનારાયણદાસજી સ્વામીએ સંભાળી હતી.

ગણેશ ઉત્સવ, સવાનાહ

પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ-જ્યોર્જિયા ખાતે ધામધૂમથી ગણેશજીની સ્થાપના કરવામાં આવી. મહોત્સવ દરમિયાન પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી તથા દર્શનપ્રિયદાસજી સ્વામી નિત્ય ગણપતિ પૂજન તેમજ કથાવાર્તાનો લાભ આપતા હતા. ગણેશ સ્થાપનાના પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં ચરોતર સમાજ, મહેસાણા સમાજ, સુરત સમાજ ઉપરાંત દક્ષિણ ભારતીયો, પંજાબી, નેપાળી પરિવારો ભક્તિભાવ સાથે જોડાયા હતા. દરરોજ વિવિધ સમુદાયોની ભજનમંડળીઓ મંદિરમાં ગણપતિબાપાના ભજનોનું ગાન કરતા. આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન તરીકે શ્રી પંકજભાઈ રોય તથા રમેશભાઈ પટેલે લાભ લીધો હતો. ઉપરાંત મંદિરના મધ્ય ભાગમાં ભવ્ય લાઈટીંગવાળા ઝૂમ્મરની સેવા પણ રમેશભાઈ પટેલે કરી હતી. SGVP ગુરુકુલના સમર્પિત ઋષિકુમારો શ્રી તુષારભાઈ વ્યાસ તથા અંકિતભાઈ રાવળે ગણપતિ પૂજનની તમામ વ્યવસ્થા ભારે ભક્તિભાવ સાથે કરી હતી.

ગુરુકુલ ગૌરવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP અમદાવાદના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી તરૂણ કાનાણી હાલ લંડન ખાતે સ્થિર થયા છે. થોડા મહિનાઓ પહેલા તરૂણ કાનાણીને લંડનની પ્રખ્યાત કંપનીમાંથી ચાર્ટર એકાઉટન્ટની જોબની ઓફર મળી હતી. તરૂણે એ જોબ સ્વીકારી ત્યારે એમના બોસે વાત કરી કે અમારી કંપની વાર્ષિક લાખો પાઉન્ડનું ટર્નઓવર કરે છે, પરંતુ થોડા સમયથી કંપની ખોટમાં જઈ રહી છે. આ ખોટ જવાના કારણની આપ તપાસ કરો.

ગુરુકુલના સંસ્કાર પ્રાપ્ત કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ જીવન જીવતા તરૂણના મનમાં શિક્ષાપત્રીની એક આજ્ઞા યાદ આવી કે જેમાં આવક-જાવકનો ચોખ્ખો હિસાબ રાખવાની વાત કરી છે. તરૂણે આ આજ્ઞા મુજબ કંપનીના એકાઉન્ટની ઊંડાણપૂર્વક તપાસ આદરી. ફક્ત એક જ અઠવાડિયામાં પૂર્વ એકાઉટન્ટે આદરેલી ભ્રષ્ટાચારી પકડાઈ ગઈ. એમણે વીસ લાખ પાઉન્ડના હિસાબની ગડબડ કરી હતી. તરૂણે આ વાત પોતાના બોસને કરી. પોલીસ તપાસ થઈ અને ગુનેગારને છ વર્ષની જેલ થઈ અને એમની સંપત્તિ જપ્ત કરી લેવામાં આવી છે. તરૂણ કાનાણીના પ્રસંશાભર્યા કાર્યની નોંધ લંડનના પ્રખ્યાત વર્તમાનપત્રોએ લીધી અને સૌએ અભિનંદન પણ પાઠવ્યા. તરૂણે પોતાના આ કાર્યની સફળતાનો શ્રેય ગુરુકુલમાંથી પ્રાપ્ત થયેલા સંસ્કારોને આપ્યો હતો.

પ્રો. અશ્વિનભાઈ એમ. આણદાણી :- ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી, જાણીતા વક્તા-પ્રવક્તા તથા દેસાઈ સી.એમ. આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને સિનિયર પ્રાધ્યાપક શ્રીઅશ્વિનભાઈ આણદાણીએ કાંકણપુર કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. જૈમિનભાઈ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ 'કવિશ્રી રાજેન્દ્ર શુક્લ, રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને હરીશ મીનાશ્રુની ગઝલોમાં આધ્યાત્મિકતા' વિષય ઉપર મહાનિબંધ તૈયાર કરી વર્ષ ૨૦૧૯માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટની પદવી મેળવી છે. Ph.D. પૂર્ણ કરીને અશ્વિનભાઈએ સમસ્ત ગુરુકુલ પરિવાર તથા તેમના પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો તથા સમસ્ત ગુરુકુલ પરિવાર તેમને શુભકામના પાઠવે છે.

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. શ્રી ઋષિપ્રસાદ પ્રવિણભાઈ મહેતા :- ગામ બાબરા નિવાસી તથા દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ઋષિપ્રસાદ મહેતા ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. ઉત્સાહી, આનંદી, સંતોની આજ્ઞા પ્રમાણે દોડી દોડીને સેવા કરનારા ઋષિપ્રસાદનો અચાનક અક્ષરવાસ થતા સમગ્ર ગુરુકુલ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. તેમના પિતાશ્રી પ્રવિણભાઈ તથા સમસ્ત પરિવારને અત્યંત દુઃખમાંથી ઉગરવા ધીરજ અર્પે એવી સમસ્ત ગુરુકુલ પરિવાર ભગવાન શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરે છે.

અ.નિ. પ.ભ. શ્રી બાલુભાઈ પુરુષોત્તમભાઈ જાગાણી :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી બાલુભાઈ જાગાણી ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેત ધરાવતો આ પરિવાર સત્સંગના રંગે રંગાયેલો છે. ગુરુકુલમાં આ પરિવારની સેવાઓ અજોડ છે. ભગવાન શ્રીહરિ બાલુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો દિપકભાઈ, પ્રફુલભાઈ, રાજેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી બાબુભાઈ લાલજીભાઈ ચૌહાણ :- સુરત નિવાસી, ગુરુકુલ તથા સંતો સાથે સ્નેહથી જોડાયેલા ગુજરાત ગાર્ડિયન ન્યુજપેપરના માલિક શ્રી મનોજભાઈના મોટાભાઈ બાબુભાઈ ચૌહાણ ૬ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવા અજોડ છે. ભગવાન શ્રીહરિ બાબુભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનોજભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રતનબેન દેવજીભાઇ પટેલ :- નડિયાદ નિવાસી ભક્તપરિવારના માતુશ્રી રતનબેન અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ રતનબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કસ્તુરબેન દિનેશભાઇ પટેલ :- નાગપુર નિવાસી તથા ગુરુકુલ સાથે હેત ધરાવતા દિનેશભાઈના ધર્મપત્ની ૩ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. નાગપુરમાં રહીને આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ કસ્તુરબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા દિનેશભાઈ, સુપુત્રો હીતેશ, જીજ્ઞેશ, કલ્પેશ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

શ્રી રજંનબેન બ્રહ્મીન, અમદાવાદ
પ.ભ. શ્રી રમેશભાઈ પટેલ, ડલાસ-યુ.એસ.એ.
અ.નિ. શ્રી ગોરધનભાઈ ગોપાલભાઈ પ્રજાપતિ,
હસ્તે ચંદ્રકાંતભાઈ, અમદાવાદ
પ.ભ. શ્રી દેવશી કુરજી કરશન વરસાણી, ભારાસર
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ પંધુકિયા, દુબઈ
પ.ભ. શ્રી રાજેશભાઈ જાદવભાઈ આસાણી, રામપર વેકરા
પ.ભ. શ્રી કેશવભાઈ રાઘવભાઈ શેલડિયા, રૂગનાથપુર
પ.ભ. શ્રી નીશ-વત્સલ-લક્ષ્મણભાઈ મેપાણી, સુખપુર
પ.ભ. શ્રી હર્ષિલ રામજીભાઈ વરસાણી, સુખપુર
પ.ભ. શ્રી જતીનભાઈ રાજેન્દ્રભાઈ અમીન, અમદાવાદ
પ.ભ. શ્રી સુધાકરભાઈ દશારે, પુના
પ.ભ. શ્રી નિરજભાઈ રાજેશભાઈ જોષી, અમદાવાદ
પ.ભ. શ્રી નરેન્દ્રકુમાર ખુશાલદાસ પટેલ
હસ્તે દિલીપભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મંથન નિમેષભાઈ સચદે, સિંગાપુર
પ.ભ. શ્રી કૌષિક નંદલાલભાઈ બારૈયા, દેવગાણા

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ અરવિંદભાઈ પાચાણી, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૬/૧૦/૧૯, રવિવાર : **સુહૃદસભા:** સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ
તા. ૦૭/૧૦/૧૯, સોમવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૧૮થી ૨૪/૧૦/૧૯ : **સાધના શિબિર-ઋષિકેશ**
તા. ૦૯/૧૦/૧૯, બુધવાર : **પાંશકુશા એકાદશી :** કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૪/૧૦/૧૯, ગુરુવાર : **રમા એકાદશી :** દીવાળી ઉત્સવ પ્રારંભ, રોજ રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૭/૧૦/૧૯, સોમવાર : **અન્નકુટોત્સવ તથા ચોપડા પૂજન :** સવારે ૭:૦૦ કલાકે
દીપોત્સવ : રાત્રે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

જીવન પ્રેરક વ્યાખ્યાનમાળા પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ભક્તજનો, બાપુનગર

નૂતન સ્વિમીંગપુલના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂજ્ય સંતો સાથે ઉપસ્થિત વિશ્રામભાઇ પટેલ તથા મહાનુભાવો

નમામિ દેવી નર્મદે મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત સંતો, જૂનાગઢ જિલ્લાના સાંસદશ્રી તથા મહાનુભાવો, દ્રોણેશ્વર

શ્રાવણ મહિના દરમિયાન ભગવાન શિવજીનું પૂજન કરતા પૂજ્ય સ્વામીજી, સંતો તથા ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

જન્માષ્ટમી પ્રસંગે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરતા સંતો તથા ઉપસ્થિત ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

ગણેશ મહોત્સવ દરમિયાન ગણપતિજીની પાલખીયાત્રા તથા જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો, સવાનાહ ગુરુકુલ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે ઉજવાયેલ જળઝીલણી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો, ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, અન્ય મહાનુભાવો તથા ભક્તજનો.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી પાદાનંદદાસજી સ્વામી તથા સદ્ગુરુ રતિકેતુ સાનિધ્યમાં

શરદોત્સવ

તારીખ : ૧૩ ઓક્ટોબર, ૨૦૧૯ રવિવાર
સમય : રાત્રે ૮:૩૦ કલાકે
તથા

શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ

અભિષેક : સવારે ૬:૪૫ કલાકે
અન્નકૂટ દર્શન : ૯:૩૦ કલાકે

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) છારોડી, અમદાવાદ

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-